અપીલ અરજી નં.૩૩૦ તા.૧૧–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ધનજીભાઈ કે પટેલ
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધનજીભાઈ કે પટેલની તા. ૩–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ટી.પી.૪ (અશ્વનીકુમાર નવાગામ) ફા. પ્લોટ નં. ૮૦ સબ પ્લોટ નં. ૧ તથા ૨ ના બાંધકામની વિકાસ પરવાનગી નં. ટીડીઓ/ડી.પી.૨૭૬ તા. ૧૬–૧–૦૯થી અપાયેલ મંજુરીમાં એસ.એમ.સી.ધ્વારા કયા કયા પુરાવા લેવામાં આવ્યા (કયા પુરાવાને આધીન) મંજુર કરવામાં આવેલ છે તે તમામ પુરાવાની નકલ આપવા વિનંતી મુદ્દા નં.(૨)ઉપરોકત અપાયેલ વિકાસ પરવાનગી સિવાય વધારાનું બાંધકામ (ગેરકાયદેસર) થયેલ છે કે નહીં તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૧–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૩૦/૨૦૧૧–૧૨

શ્રી ધનજીભાઈ કે પટેલની તા. ૩–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ટી.પી.૪(અશ્વનીકુમાર નવાગામ) ફા. પ્લોટ નં. ૮૦ સબ પ્લોટ નં. ૧ તથા ૨ ના બાંધકામની વિકાસ પરવાનગી નં. ટીડીઓ/ડી.પી.૨૭૬ તા. ૧૬–૧–૦૯થી અપાયેલ મંજુરીમાં એસ.એમ.સી.ધ્વારા કયા કયા પુરાવા લેવામાં આવ્યા (કયા પુરાવાને આધીન) મંજુર કરવામાં આવેલ છે તે તમામ પુરાવાની નકલ આપવા વિનંતી. મુદ્દા નં.(૨) ઉપરોકત અપાયેલ વિકાસ પરવાનગી સિવાય વધારાનું બાંધકામ (ગેરકાયદેસર) થયેલ છે કે નહીં તેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૧–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ / ૯૬૪ તા.૧૭–૧૦–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો મળ્યાબાદ નારાજગી હોય તો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૪૫ તા.૮–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૯૪૬ તા.૫–૯–૧૧ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરેલ પત્રની નકલ, મધ્સ્થ શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૨૮૫ તા.૩–૧૦–૧૧ થી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તબદીલ કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૩–૯–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. પત્ર જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૯૪૬ તા.૫–૯–૧૧ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ. જે મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૨૮૫ તા.૩–૧૦–૧૧ થી અઘટિત વિલંબથી મુદ્દા નં.૨ અંગે કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ. જેમાં વિગતની અંદર મુદ્દા નં.૨ ની માહિતી પૂર્વઝોન કાર્યક્ષેત્ર હેઠળ આવતી હોવાનું જણાવેલ છે તેમજ નોંધ વિભાગ અને પૂરક વિગતોમાં પણ પૂર્વઝોન કાર્યક્ષેત્ર હેઠળ પણ તબદીલ કરેલ છે પરંતુ હકીકતમાં તે કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી મુદ્દા નં.૧ અંગે પત્ર નં.ટીડીઓ/૨૮૬ તા.૩–૧૦–૧૧ થી માહિતી આપવામાં આવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) ટી.પી. ૪(અશ્વનીકુમાર નવાગામ) ફા. પ્લોટ નં. ૮૦ સબ પ્લોટ નં. ૧ તથા ૨ ના બાંધકામની વિકાસ પરવાનગી નં. ટીડીઓ/ ડી.પી.૨૭૬ તા. ૧૬–૧–૦૯થી અપાયેલ મંજુરીમાં એસ.એમ.સી.ધ્વારા કયા કયા પુરાવા લેવામાં આવ્યા ૨.(કયા પુરાવાને આધીન) મંજુર કરવામાં આવેલ છે તે તમામ પુરાવાની નકલ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી ટીપી સ્કીમ નં.૪ (અશ્વનીકુમાર–નવાગામ)

ફા.પ્લોટ નં.૮૦ સબ પ્લોટ નં.૧ તથા ૨ ના બાંધકામની વિકાસ પરવાનગીને ટીડીઓ/ડીપી –૨૭૬ તા.૧૬–૧–૦૯ થી મંજુરી અપાયેલ છે. જેમાં માલીકી અંગે 'બ' ફોર્મ વેચાણ દસ્તાવેજ , ઈન્ડેક્ષ પાવર ઓફ એટર્ની પી.આર.કાર્ડ વિગેરેની નકલો રજૂ થયેલ છે. જેની નકલો રૂા.૯૬/– ભરપાઈ કર્યેથી નકલો આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે રૂબરૂમાં માંગ્યા મુજબની નકલ મળી છે તેવું જણાવી તા.૧૯–૧૦–૧૧ ના રોજ સહી કરેલ છે. મુદ્દા નં.(૨) ઉપરોકત અપાયેલ વિકાસ પરવાનગી સિવાય વધારાનું બાંધકામ (ગેરકાયદેસર) થયેલ છે કે નહીં તેની માહિતી આપવા બાબત. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૨૮૫ તા.૩–૧૦–૧૧ થી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તબદીલ કરેલ છે તેમજ અરજદારનું નામ કાનજીભાઈ કે. પટેલ જણાવેલ છે જયારે અરજીના માંગેલ મુદ્દા નં.૨ ની માહિતી પૂર્વઝોન વરાછાના કાર્યક્ષેત્રમાં આવે છે તેવું જણાવેલ છે. જે અંગે નોંધ વિભાગ, તથા પૂરક વિગતોમાં તેવું જણાવેલ છે. જે અંગે પૂરક વિગતના પત્રમાં પણ નામની એન્ટ્રી ખોટી કરેલ હોવાનું કોમ્પ્યુટર ઉપરનું પત્રક સાથે પાઠવવામાં આવેલ. તેમ છતાં પૂરક વિગત સમયે પણ તે બાબતે કોઈ સ્પષ્ટતા કરેલ નથી. આથી અરજદારનું નામ ધનજીભાઈ કે પટેલ સાથે જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને મુદ્દા નં.૨ અંગે અંશતઃ તબદીલ કરવાની રહે. જે અરજદારના નામ જોગ અને લાગત જાહેર માહિતી અધિકારીને સમય અવધિમાં તબદીલ થયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ ની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ છે અને જે અરજદારે મેળવેલ પણ છે. જયારે મુદ્દા નં.૨ ની માહિતી લાગત જાહેર માહિતી અધિકારીને તબદીલ થયેલ નથી જે દિન–૫ માં તબદીલ કરવા અને તબદીલી અંગે કાળજી લેવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસને જણાવવામાં આવે છે. ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તબદીલ થયેલ મુળ અરજીની નકલ મળ્યેથી મુદ્દા નં.૨ ની દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

(એસ.એન.મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડી)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ધનજીભાઈ કે પટેલ,